**BRAMPTON Flower City** brampton.ca

**Service and Information Update**

માર્ચ 6, 2018

## બ્રામ્પટન ગૉર મૅડોસ (Gore Meadows) તબક્કો બે (ફેઝ ટૂ)નાં કોન્ટ્રાક્ટરને બદલશે

બ્રામ્પટન, ઓન્ટેરિયો - સીટી ઓફ઼ બ્રામ્પટન, સમુદાય માટે ગૉર મૅડોસ વિસ્તરણના મહત્વને જાણે છે અને બાંધકામ વહેલામાં વહેલી તકે પૂરું કરવા અગ્રતા નક્કી કરી છે. આ સમગ્ર પ્રોજેક્ટમાં, સીટી ઓફ઼ બ્રામ્પટને સગવડના સમયસર સમાપનને આગળ વધારવા માટે બાંધકામ કરારમાં દરેક શક્ય પગલું ભર્યું છે. આટલા કદ, ક્ષમતા અને જટિલતાના કોઈપણ બાંધકામ પ્રોજેક્ટમાં સહેજ વિલંબ થવાની અપેક્ષા હોય છે ત્યારે, ગૉર મૅડોસમાં વિલંબોનું પ્રમાણ ગેરવ્યાજબી રહ્યું છે. પરિણામ સ્વરૂપે, સીટી ઓફ઼ બ્રામ્પટને તાત્કાલિક અમલમાં આવે તે રીતે, પ્રોજેક્ટની મિલકત પર હાલના કોન્ટ્રાક્ટરના કામ કરવાના અધિકારનો અંત લાવવાનું નક્કી કર્યું છે.

સીટી ઓફ઼ બ્રામ્પટન સાઈટ પર બાકી બચેલા કામ માટે સંકલન શક્ય એટલું ઝડપી અને કાર્યક્ષમ બનાવશે જેથી કરીને આ સગવડ વહેલામાં વહેલી તકે જાહેર જનતા માટે ખુલ્લી મૂકી શકાય. વધુ માહિતી, અપેક્ષિત પ્રારંભ તારીખ સહિત, આગામી જૂજ અઠવાડિયાઓમાં પૂરી પાડવામાં આવશે.

આ નિર્ણયથી હયાત ગૉર મૅડોસ કમ્યુનિટી સેન્ટર અને લાઈબ્રેરીના વપરાશકારો પર પ્રભાવ પડશે નહીં. તમામ કાર્યક્રમો રાબેતા મુજબ ચાલુ રહેશે. ગૉર મૅડોસમાં હંગામી સભ્યપદો પર પડનારા પ્રભાવોની ચર્ચા કરવા ફિટનેસ મેમ્બર્સનો સીધો સંપર્ક કરવામાં આવશે.

સીટી ઓફ઼ બ્રામ્પટન ગૉર મૅડોસમાં વિલંબોથી પડેલી અગવડતા બદલ દિલગીરી વ્યક્ત કરે છે અને સમુદાયે દેખાડેલી ધીરજની કદર કરે છે.

*ગૉર મૅડોસ કમ્યુનિટી સેન્ટર એન્ડ લાઈબ્રેરીનો તબક્કો બે હયાત ઈમારતમાં 80,000 ચોરસ ફૂટનો ઉમેરો છે, જે અત્યાધુનિક એક્વેટિક્સ ફેસિલિટી, ઈનડોર ટ્રેક ધરાવતું એક ફિટનેસ સેન્ટર, તેમજ આઉટડોર સ્કેટિંગ રિંક અને સ્પ્રે પૅડ જેવી લાક્ષણિક સગવડો ધરાવે છે. તબક્કો બે વિસ્તરણમાં પર્યાવરણલક્ષી-હરિયાળી ડિઝાઈન અને બાંધકામને માન્યતા અપાવવા લીડ (LEED) સિલ્વર પ્રમાણપત્ર મેળવવાનું ધારે છે.*

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
બ્રાયન સ્ટિટલ (Brian Stittle)
સીનિયર મીડિયા કોર્ડિનેટર (Sr. Media Coordinator)
સીટી ઓફ઼ બ્રામ્પટન (City of Brampton)
905.874.2143 | brian.stittle@brampton.ca